રાજભવન, ગાંધીનગર.
તા. ૦૫/૧૦/૨૦૧૫

**બાંગ્લાદેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીયુત સુરેન્દ્રકુમાર સિન્હાને રાજભવન ખાતે સત્કારતા રાજ્યપાલશ્રી**

ગુજરાતની મુલાકાતે આવેલા બાંગ્લાદેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીયુત સુરેન્દ્રકુમાર સિન્હા ગઈકાલે સાંજે રાજભવન ખાતે આવી પહોંચતાં ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ તેમનું અને તેમના ધર્મપત્ની શ્રીમતી સુષ્મા સિન્હાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તથા શ્રીમતી અવિનાશ કોહલીએ પણ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીયુત સુરેન્દ્રકુમાર સિન્હા અને શ્રીમતી સુષ્મા સિન્હાને સત્કાર્યા હતાં.

બાંગ્લાદેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીયુત સુરેન્દ્રકુમાર સિન્હાના માનમાં રાજ્યપાલશ્રીએ યોજેલા રાત્રી ભોજન સમારંભમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, શ્રીમતી અવિનાશ કોહલી, ગુજરાતના વડી અદાલતના ન્યાયાધીશશ્રીઓ, રાજ્યમંત્રી મંડળના સભ્યો, રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

———————————

પ્રેસ સચિવ